પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૯૩, કુલ પાના:૪, તારીખ: ૦૫-૦૮-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 293 PRICE :-RS. 1.50 DATE : 05-08-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારતે પ્રથમવાર વિમાનવાહક જહાજ INS વિક્રાંત તૈયાર કર્યું

# કોચીના સમુદ્ર કાંઠે ચાર દિવસના પરીક્ષણનો પ્રારંભ : ચીન-પાકિસ્તાનને ભારે પડશે

ન્યુ દીલ્હી,

ભારતે આજે સ્વદેશી વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતની સી ટ્રાયલ એટલે કે સમુદ્રી પરીક્ષણનો આરંભ કર્યો છે. ભારતના ઈતિહાસમાં આ ક્ષણ અનેક રીતે ઐતિહાસિક છે. દુનિયાના બહુ ઓછા દેશો પોતાના વિમાનવાહક જહાજો બનાવી શકે છે. ભારતનો તેમાં સમાવેશ થયો છે. ભારતીય નૌકાદળ માટે ભારતમાં નાના–મોટા યુદ્ધજહાજો બને છે, પરંતુ વિમાનવાહક જહાજ બનાવવું એ મોટી સિદ્ધિ છે.






ભારતે એ સિદ્ધિ હાંસલ કરી છે. કોચીના નૌકા ડોકયાર્ડમા ઘણા વર્ષોથી આઈએનએસ વિક્રાંતનું સર્જન થતું હતું. હવે એ જહાજ પૂર્ણતાના આરે છે. ફાઈનલ થાય એ પહેલા તેના સમુદ્રમાં વિવિધ ટેસ્ટ લેવાય છે.

એ ટેસ્ટ સી ટ્રાયલ તરીકે ઓળખાય છે. આજે સવારે કોચીના બંદરમાંથી રવાના થયેલું વિક્રાંત ચાર દિવસ સુધી સમુદ્રમાં રહેશે.

ભારતના સૌથી પહેલા વિમાનવાહક જહાજનું નામ આઈએનએસ વિક્રાંત હતું. એ ૧૯૯૭માં નિવૃત થયું હતું. એ વિક્રાંતે ૧૯૭૧ના યુદ્ધમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. માટે તેના સન્માનમાં ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજને વિક્રાંત નામ અપાયું છે. ૧૯૬૧માં ભારતીય નૌકાદળમાં શામેલ થયેલા યુદ્ધ જહાજ આઈએનએસ વિક્રાંતે ૧૯૯૭ સુધી રાષ્ટ્ર સુરક્ષાની સેવા કરી હતી. નિવૃત્તિ પછી વિક્રાંતને તરતું સંગ્રહાલય બનાવાનો વિચાર વારંવાર રજુ થતો રહ્યો પરંતુ કોઈ સરકારે એ માટેની પ્રતિબદ્ધતા દાખવી નહીં.

છેવટે એ જહાજ ૬૦ કરોડ જેવી નજીવી રકમમાં સરકારે ભંગારમાં આપી દીધું હતું. મુંબઈના કાંઠે જ એ તૂટ્યું હતું. વિક્રાંતે સૌથી મહત્ત્વપૂર્ણ રોલ ૧૯૭૧ના ભારત–પાકિસ્તાન યુદ્ધ વખતે નિભાવ્યો હતો. બંગાળના અખાતમાં રહીને વિક્રાંતે બાંગ્લાદેશમાં ભારતનો પ્રહાર પહોંચાડવાનું મહત્ત્વનું કામ કર્યુ હતું. પાકિસ્તાની સબમરીન ગાઝીને વિક્રાંતે જ સમુદ્ર તળિયે પહોંચાડી પાકિસ્તાની નૌકાદળને મોટો ફટકો માર્યો હતો.

નવું વિક્રાંત ૪૦ હજાર ટન વજનનું છે. આવું કદાવર કે પછી નૌકાદળનું નાનું જહાજ પણ બંદરમાંથી સીધું ચાલુ થઈને નીકળી શકે નહીં. તેનું એન્જીન અત્યંત શક્તિશાળી હોવાથી અથડામણ થવાનો ભય રહે છે. એ સંજોગોમાં ટગ નૌકા દ્વારા આવા જહાજોને બહાર કાઢવામાં આવતા હોય છે. વિક્રાંતને પણ ટગ નૌકાઓએ ખેંચીને ખુલ્લા સમુદ્ર સુધી પહોંચાડ્યું હતું. વિવિધ પરીક્ષણો પુરા થયા પછી આગામી વર્ષે જહાજ નૌકાદળમાં પૂર્ણપણે કાર્યરત થશે.

૨૩ હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા જહાજ પર મિગ–૨૯, મલ્ટીરોલર હેલિકોપ્ટર સહિતના આયુધો તેના તૂતક–ડેક પર રહી શકશે. અત્યારે ભારત પાસે એક જ વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રમાદિત્ય છે. આ જહાજ રશિયા પાસેથી લીધું છે અને ૨૦૧૩થી કાર્યરત છે. ભારતીય નૌકાદળ પાસે સાડા પોણા સાત કરોડ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા હિન્દ મહાસાગરના સંરક્ષણની મોટી જવાબદારી છે. ઉત્તરમાં ભારત, પૂર્વમાં આફ્રિકા, પશ્ચિમે ઑસ્ટ્રેલિયા અને દક્ષિણે છેક એન્ટાર્કટિકા સુધીના 'ઈન્ડિયન ઑશન રિજન (આઈઓઆર)'માં કોઈ સૌથી મોટું અને પ્રભાવશાળી નૌકાદળ હોય તો ભારતનું છે.

કુલ મળીને ૩૬ દેશો છે, જેમને હિન્દ મહાસાગર લાગુ પડે છે. આ બધા દેશોના બંદરો પર રોજ રોજ માલવાહક જહાજો આવતાં–જતાં રહે છે. જગતનો ૯૫ ટકા વેપાર સમુદ્ર માર્ગે થાય છે. એ સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ માટે ભારતે ઓછામાં ઓછા બે વિમાનવાહક જહાજો રાખવા જોઈએ. માટે સુરક્ષા નિષ્ણાતો વર્ષોથી તેની ડિમાન્ડ કરી રહ્યા છે. હજુ તો ત્રીજા વિમાનવાહક જહાજનો પણ પ્રસ્તાવ નૌકાદળે સરકાર સમક્ષ રજૂ કર્યો છે.

ચીનની વધતી આક્રમકતા જોતા ભારતે તમામ મોરચે તૈયારી કરવી પડે એમ છે. ચીન પાસે બે વિમાનવાહક જહાજો છે અને બીજા બે બની રહ્યા છે. બ્રિટને પણ તાજેતરમાં બીજા વિશ્વયુદ્ધ પછી પોતાનું પ્રથમ વિમાનવાહક જહાજ કાર્યરત કરી દીધું છે. અમેરિકા પાસે આખા જગતમાં સૌથી વધારે ૧૧ વિમાનવાહક જહાજો છે. દરેક જહાજ ૧ લાખ ટન કરતા વધારે વજનનું છે અને તેની સપાટી પર ૮૦–૯૦ ફાઈટર વિમાનો રાખી શકાય છે.

વિમાનવાહક જહાજોનું સૌથી વધારે મહત્વ બીજા વિશ્વયુદ્ધ વખતે હતું. ઈનફેક્ટ બીજું વિશ્વયુદ્ધ એરક્રાફ્ટ કરિયર અને કદાવર યુદ્ધજહાજોના આધારે જ લડાયુ હતુ. ૧૯૭૧ના યુદ્ધની અડધી સદી ચાલી રહી છે અને આઝાદીના ૭૫ વર્ષ થવા જઈ રહ્યા છે. એ વખતે જ આ જહાજ તૈયાર થતાં ભારતીય સંરક્ષણ માટે બેવડો આનંદનો પ્રસંગ સર્જાયો છે.

- વિક્રાંતની બાંધકામની ફેક્ટ ફાઈલ
- વિક્રાંતના સર્જનમાં ૨૩ હજાર ટન સ્ટીલનો વપરાશ થયો છે.
- ૨૫૦૦ કિલોમીટર લાંબુ ઈલેક્ટ્રિક વાયરિંગ થયું છે.
- ૧૫૦ કિલોમીટર લાંબા પાઈપ વપરાયા છે.
- ૨૦૦૦ વાલ્વ ફીટ થયેલા છે.
- ભારતના વિવિધ ૫૦થી વધારે મેન્યુફેક્ચરો પ્રોજેક્ટમાં જોડાયેલા છે.
- જહાજના બાંધકામમાં ૨૦૦૦ને ડાયરેક્ટ અને ૪૦ હજારને ઈન-ડાયરેક્ટ રોજગારી મળી છે.

- વજન - ૪૦ હજાર ટન.
- લંબાઈ - ૬૮૦ ફીટ.
- પહોળાઈ - ૨૦૪ ફીટ.
- ઉંચાઈ - ૧૯૪ ફીટ.
- ડેકની સંખ્યા - ૧૪.
- ડેકનો કેલ વિસ્તાર - ૧,૧૦,૦૦૦ ચોરસ ફીટ.
- ક્રુની સંખ્યા - ૧૭૦૦.

- કમ્પાર્ટમેન્ટ -૨૩૦૦.
- મહત્તમ સ્પીડ - ૫૨ કિલોમીટર.
- નોર્મલ સ્પીડ - ૩૩ કિલોમીટર.
- રેન્જ - ૧૩,૯૦૦ કિલોમીટર.
- સમુદ્રમાં મહત્તમ દિવસ - ૪૫.
- ફાઈટર વિમાન - ૨૪ મિગ-૨૯.
- બિલ્ડર - કોચીન શિપયાર્ડ લિમિટેડ.

### વિક્રાંતની સી ટ્રાયલ એટલે શું?

દરેક દેશના નૌકા જહાજો, સબમરિનો વગેરે કાર્યરત થાય એ પહેલા સમુદ્રમાં તેનું પરીક્ષણ થતું હોય છે. આ પરીક્ષણ સી ટ્રાયલ તરીકે ઓળખાય છે. આ ટ્રાયલના સામાન્ય રીતે ૩ તબક્કા હોય છે.

ડોક ટ્રાયલ- તેમાં જહાજનું ડોક એટલે કે બંદરમાં જ પરીક્ષણ થાય. મોટે ભાગે તેમાં ફીટ થયેલી મશીનરીનું તેમાં ટેસ્ટિંગ કરવામાં આવતું હોય છે.

બિલ્ડર્સ ટ્રાયલ-આ ટ્રાયલ સમુદ્રમાં લેવામાં આવે છે. બાંધકામ કરનાર બિલ્ડર વિવિધ રીતે જહાજની તપાસ કરે છે.

એક્સેપ્ટેડ ટ્રાયલ-આ પરીક્ષણ ખુલ્લાં સમુદ્રમાં થાય છે અને તેમાં જહાજની મૂવમેન્ટ, સ્પીડ વગેરે પરીક્ષણો થાય છે.

## હવામાન વિભાગની આગાહી, રાજ્યમાં બે દિવસ બાદ વરસાદના એંધાણ

અમદાવાદ,

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે, પરંતુ વરસાદ મન મુકીને વરસી રહ્યો નથી. રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ઝરમર, છૂટોછવાયો અને ઓછો વરસાદ જોવા મળી રહ્યો છે. લોકો વરસાદની આશા રાખીને બેઠા છે. સૌને સવાલ થાય છે કે વરસાદ ક્યારે આવશે? ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરતા કહ્યું, હાલ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. બે દિવસ બાદ રાજ્યમાં વરસાદ આવી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું કે, આગામી ચોવીસ કલાકમાં રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. બુધવારે વરસાદમાં ઘટાડો જોવા મળી શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદની અસર ઓછી જોવા મળી શકે છે. રાજ્યમાં ધોધમાર વરસાદ પડે એવી કોઈ સિસ્ટમ હાલ સક્રિય નથી. મહત્વનું છે કે, રાજ્યમાં હજુ પણ ૩૬ ટકા વરસાદની ઘટ છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, બે દિવસ બાદ રાજ્યમાં સારો વરસાદ વરસી શકે છે. સાથે જ માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી દેવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૫.૮૪ ટકા વરસાદ જ પડ્યો છે. રાજ્યમાં હજુ સિઝનનો માત્ર ૩૬ ટકા જ વરસાદ વરસ્યો છે, જે ગયા વર્ષની સરખામણીએ સાત ટકા ઓછો છે.

ઉત્તર ગુજરાતમાં ૩૦.૯૮ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૩૩.૯૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૩.૫૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૫.૮૪ ટકા વરસાદ નોંધાયો છે. જો કે, બે દિવસ બાદ વાતાવરણમાં પલટો આવી શકે છે. બે દિવસ બાદ રાજ્યમાં સારા વરસાદની આશા સેવવામાં આવી છે.

## ભારત સહિત ૬ દેશોના નાગરિકોને આજથી યુએઈમાં પ્રવેશની મંજૂરી

દુબઈ,

યુએઈ અધિકારીઓએ જાહેરાત કરી હતી કે ભારત અને નેપાળ સહિત છ દેશોના નાગરિકોને ૫ ઓગસ્ટથી યુએઈ માં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે, તેમજ આરોગ્ય કર્મચારીઓને પણ યુએઈ પરત ફરવાની મંજૂરી આપવામાં આવશે. યુએઈની નેશનલ ઈમરજન્સી ક્રાઈસીસ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનસીઈએમએ) અને જનરલ સિવિલ એવિએશન ઓથોરિટીના નિર્દેશો પાકિસ્તાન, શ્રીલંકા, નાઈજીરીયા અને યુગાન્ડાના નાગરિકોને પણ લાગુ પડશે.

મુસાફરીની મંજૂરી મેળવવા માટે, પ્રવાસીઓએ ફેડરલ ઓથોરિટીની વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવી પડશે. રસીકરણ પ્રમાણપત્ર ઉપરાંત, મુસાફરોની ૪૮ કલાકની અંદર નેગેટિવ પીસીઆર રિપોર્ટ હોવો જોઈએ. પ્લેનમાં ચડતા પહેલા લેબ ટેસ્ટ કરવામાં આવશે અને યુએઈમાં પ્રવેશતા પહેલા પીસીઆર ટેસ્ટ પણ કરવામાં આવશે. આ પછી તેમને હોમ ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવશે.

ભારત યુએઈ સહિત જીસીસી (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) દેશો પર દબાણ કરી રહ્યું છે કે તેઓ ભારતીય વ્યાવસાયિકો અને અન્ય કામદારોને કોવિડ -૧૯ સંબંધિત મુસાફરી પ્રતિબંધોને હળવા કરવા અને શક્ય તેટલી વહેલી તકે તેમની નોકરી પર પાછા ફરવાની મંજૂરી આપે. કેટલાક અહેવાલો અનુમાન લગાવી રહ્યા છે કે યુએઈ પ્રતિબંધો ઓગસ્ટ સુધી લંબાવી શકે છે. માત્ર સંયુક્ત આરબ અમીરાતમાં ૩.૪૨ મિલિયન ભારતીયો વસવાટ કરે છે, જે પશ્ચિમ એશિયામાં સૌથી વધુ પ્રવાસીઓની સંખ્યામાંની એક છે.

## ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બની બેકાબૂ, ૫૮૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું

ન્યુ દિલ્હી,

મધ્યપ્રદેશના ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બેકાબૂ બની છે. અત્યારસુધી ૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે, ૨૫ લોકો ગુમ છે, જેમની શોધખોળ રેસ્ક્યૂ ટીમ કરી રહી છે. નદી કિનારામાં ફસાયેલાં ગામોથી ૧૯૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. દતિયામાં મોટી વસતિવાળા વિસ્તારોને પૂરના ભયના કારણે ખાલી કરવામાં આવ્યા છે. શિવપુરીનાં ૧૦૦થી વધુ ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. મંત્રી મહેન્દ્ર સિંહ સિસોદિયાનું કહેવું છે કે આશરે ૨ હજાર લોકો શિવપુરીમાં ફસાયેલા છે. શિવપુરી પૂરનું કેન્દ્ર બનેલું છે.



ગ્વાલિયર-ચંબલમાં ૨૦૦૦થી વધુ લોકો સરકાર પાસે મદદની આશા લગાવી બેઠા છે. મંગળવારે રાત્રિથી જ સેનાનાં ૪ અલગ-અલગ દળોએ મોરચો સંભાળી લીધો છે. સીએમએ પણ કહ્યું હતું કે સંકટ ઘણું મોટું છે અને અમે સેનાની મદદ લઈ રહ્યા છે. જણાવી દઈએ કે સીએમ ચંબલ ક્ષેત્રમાં આકાશી સર્વે પણ કરવાના છે. ગ્વાલિયર એરપોર્ટથી હેલિકોપ્ટરથી તેઓ શ્યોપુર-શિવપુરીમાં સર્વે કરશે. નરેન્દ્ર મોદીએ ૨ વાર મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી છે. એક સપ્તાહમાં સતત વરસાદ અને ડેમ ઓવરફ્લોથી નદીઓમાં છોડાયેલા પાણીથી ગ્વાલિયર- ચંબલમાં સ્થિતિ બેકાબૂ બની છે. સૌથી વધુ શિવપુરી, શ્યોપુર, દતિયા અને ગ્વાલિયર જિલ્લા પ્રભાવિત થયા છે. શિવપુરીના કરેરા, પોહરી વિધાનસભાના ૧૦૦થી વધુ ગામ પૂરની ઝપેટમાં છે. ગ્વાલિયરના શિવપુરી નજીક ભિતરવાર અને મોહનામાં પણ સ્થિતિ ખરાબ છે. સિંધ, પાર્વતી, કૂનો, નોન નદીઓના કિનારે વસેલાં ગામો પાણીમાં ડૂબી ગયાં છે. રાહતની આશા વચ્ચે હજી પણ ૧૬૦૦થી વધુ લોકો ફસાયેલા છે. પાણીના કારણે ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. અહીં ચાર લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. લગભગ ૨૫ લોકો ગુમ છે, જેમની શોધ હજુ બાકી છે. ઘણાં ગામો ડૂબી ગયાં છે. મેરેજ ગાર્ડન, સરકારી શાળાઓ જેવાં સલામત સ્થળોએ રાહત શિબિરો ગોઠવીને લોકોને મદદ કરવામાં આવી રહી છે. સૌથી ખરાબ પરિસ્થિતિ શિવપુરીમાં છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ અહીંની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. મંગળવારે-બુધવારે રાત્રે મુખ્યમંત્રી ચાર શહેરોના કલેક્ટરો, વિભાગીય કમિશનરો અને આઈજી સાથે ક્ષણે ક્ષણિક અપડેટ્સ લેવા માટે સતત ચર્ચા કરી રહ્યા છે.

શ્યોપુરમાં ૪ દિવસથી વરસાદ રોકાવાનું નામ નથી લઈ રહ્યો. બાંલદાનાળામાં પૂર આવવાથી શ્યોપુર શહેરનો સંપર્ક તૂટી ગયો છે. સીપ નદીમાં પૂર પછી સોઈકલા, માનપુર, સવાઈ માધોપુર, રૂટથી પણ સંપર્ક તૂટી ગયો છે. ક્વારી નદીના કિનારે ઈકલૌદ ગામમાં ફસાયેલા ૯ લોકોને અને નજીકના એક અન્ય ગામમાં ફસાયેલા ૨૫ લોકોને પ્રશાસને બહાર કાઢ્યા છે. રઘુનાથ પૂરમાં તળાવમાં પાણી ભરાતાં ૩ ગામ જળમગ્ન થઈ ગયાં છે અને ત્યાંના ૧૫૦ લોકોને પ્રશાસને તાત્કાલિક સુરક્ષિત સ્થાન પર ખસેડી ગામ ખાલી કરાવવામાં આવ્યું છે.

અહીં સિંધ નદીમાં આવેલા પૂરને કારણે તબાહી મચેલી છે. ગોરાઘાટ પાસે સિંધ નદી પર બનેલો લાંચનો પુલ તણાઈ ગયો છે. અહીં આશરે ૧૮ ફૂટ પાણી ભરાઈ ગયું છે. આ જ રીતે રતનગઢ મંદિર પાસે પુલનું પાણી ભરાઈ ગયું છે. આશરે ૫૦ ગામોના લોકો ફસાયેલા છે. જિલ્લાના સૌથી મોટા શહેર સેંવઢાને ખાલી કરાવવામાં આવી રહ્યું છે.

## ગજેરા સ્કૂલ મામલે જવાબદાર અધિકારીઓ પર કાર્યવાહી કરાશે- રૂપાણી

ગાંધીનગર,

ગુજરાત સરકારે ધોરણ ૯ થી ૧૨ નું ઓફલાઈન શિક્ષણ શરૂ કરી દેવાયુ છે. પરંત હજુ સુધી ધોરણ ૬ થી ૮ ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. ત્યારે સુરતની ગજેરાના સ્કૂલના સંચાલકો સરકારના નિયમોને ઘોળીને પી ગયા છે. સરકારની પરમિશન વગર જ ગજેરા સ્કૂલમાં ધોરણ ૬ થી ૮ ના વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા છે. કોરોનાકાળમાં વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડા કરીને તેમને શાળાએ બોલાવવામાં આવ્યા છે. આ મામલે કોંગ્રેસના આરોપ પર મુખ્યમંત્રી રૂપાણીએ પલટવાર કર્યો છે.

બીજી તરફ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ગજેરા સ્કૂલના સંચાલકોની મનમાની મુદ્દે મોટું નિવેદન આપ્યું છે. ઝસ રૂપાણીએ જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિ કોવિડ ગાઈડલાઈન્સનો ભંગ ના કરી શકે. ગજેરા સ્કૂલ કેસમાં પણ જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં કોરોનાના કેસો ધીમે-ધીમે ઘટી રહ્યાં છે, ત્યારે જો પોઝિટિવ કેસો વધશે તો ફરીથી નિયંત્રણો લગાવવામાં આવી શકે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ગજેરા સ્કૂલના સંચાલકોની મનમાની મુદ્દે રાજ્ય સરકારને આડેહાથ લીધી છે. અમિત ચાવડાએ સરકારની નીતિ પર સવાલ ઉઠાવતા જણાવ્યું કે, સરકારની બેવડી નીતિઓના કારણે કોરોના ફેલાઈ રહ્યો છે. ભાજપના મળતિયાઓ માટે અલગ કાયદા હોય તેવું લાગી રહ્યું છે. સરકારની નીતિ અને નિયતમાં જ ખોટ છે.

ઉલ્લેખનીય છે કે, સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી ગજેરા સ્કૂલે સરકારની પરમિશન વિના વિદ્યાર્થીઓના ઓફલાઈન વર્ગો શરૂ કર્યા હોવાનું સામે આવ્યું હતું. આટલું જ નહીં, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને વર્ગમાં બેસાડવામાં સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પણ પાલન કરવામાં આવ્યું નહતું.

## WHOનું ડેલ્ટા વેરિયન્ટ માટે ફરી અલર્ટ.. મિડલ ઈસ્ટના ૧૫ દેશમાં કેસ વધ્યા

મિડલ ઈસ્ટમાં WHOના રીજનલ ડાયરેક્ટર ડો. અહમદ અલ-મંધારીએ જણાવ્યું હતું કે મિડલ ઈસ્ટના ૨૨માંથી ૧૫ દેશમાં ડેલ્ટા વેરિયન્ટના કેસ નોંધાયા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO)એ જણાવ્યું હતું કે ડેલ્ટા વેરિયન્ટને કારણે મિડલ ઈસ્ટના મોટા ભાગના દેશ ચોથી લહેરનો સામનો કરી રહ્યા છે, જોકે સંક્રમિતો અને મૃત્યુના આંકડા પર નજર નાખ્યે તો એમાં મોટા ભાગના લોકો એવા છે, જેમણે વેક્સિનનો એકપણ ડોઝ લીધો નથી. મિડલ ઈસ્ટના દેશોમાં વેક્સિનેશનનો દર ઓછો હોવાના કારણે કોરોનાનું સંક્રમણ ફેલાઈ રહ્યું છે. બે મહિના પહેલાંની સરખામણીએ અહી ગત મહિને કોરોનાના કેસ ૫૫ ટકા સુધી વધ્યા છે, જ્યારે મૃત્યુની વાત કરીએ તો એમાં ૧૫ ટકાનો વધારો રેકોર્ડ નોંધાયો છે. અહીં દર સપ્તાહે ૩.૧૦ લાખ કેસ અને ૩,૫૦૦ મૃત્યુ નોંધાયાં છે. નોંધવા જેવી વાત એ છે કે મિડલ ઈસ્ટમાં અત્યારસુધીમાં ૪.૧ કરોડ લોકોને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે. એ આ વિસ્તારની કુલ વસતિના માત્ર ૫.૫ ટકા જ છે. આ વેક્સિન ડોઝમાં પણ ૪૦ ટકા વેક્સિન હાઈ-ઈક્મ દેશોમાંથી લગાવવામાં આવી છે. વિસ્તારમાં આ દેશોની વસતિ માત્ર ૮ ટકા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કટારા ધારૂભાઈ ભુરાભાઈ

મુ. ઝોરજીતગઢ, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મુનીયા સંગુભાઈ નાનાભાઈ

મુ. પોલીસીમળ, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચૌહાણ જસવંતભાઈ બાબુભાઈ

મુ. ભુરાવાવ, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી જુનીધરી સે.સહ.મં.લી.

મુ. જુનીધરી, તા. ગોધરા

# મહીસાગરમાં ‘‘નારી ગૌરવ દિવસ’’એ મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧૮ જૂથોને ૧૧૮ લાખ રૂપિયાની લોનનું વિતરણ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથ,સૌના વિકાસના ઉપક્રમે ગુજરાત સરકાર ગ્રામ-શહેરી વિકાસ વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે નારી ગૌરવ દિવસ નિમિત્તે આયોજિત મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના લોન વિતરણનો તથા બાળ વિકાસ વિભાગના વિવિધ વિકાસકામોના ડિજીટલ લોકાર્પણ, ખાતમુહૂર્તના રાજયવ્યાપી સમારંભ અંતર્ગત મહીસાગર જિલ્લામાં લુણાવાડા બાવન પાટીદાર સમાજઘર ખાતે ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યકક્ષાના કાર્યક્રમ મારફતે વડોદરા થી મહીસાગર જિલ્લાના લુણાવાડા સહિત રાજ્યભરમાં યોજાયેલા ૧૦૮ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વર્ચ્યુઅલી જોડાયા હતા.

મહીસાગર જિલ્લાના ‘‘નારી ગૌરવ દિવસ’’ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ધારાસભ્ય નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સિદ્ધ કરવા તેમના જન્મદિવસ નિમિત્તે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અમલમાં મુકવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવાયેલી આ યોજનાએ રાજ્યની મહિલાઓને ખરા અર્થમાં આર્થિક રીતે સ્વાવલંબી બનાવી છે. મહિલાઓ આજે તમામ ક્ષેત્રમાં અગ્રસ્થાને બિરાજે છેવધુમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે જિલ્લામાં ૧૧૮ જૂથોને ૧૧૮ લાખ રૂપિયાની લોનનું વિતરણ કરાયુ છે ત્યારે તેમણે આ યોજનાનો લાભ લઈને મહિલાઓને વધુ ને વધુ પ્રગતિ હાંસલ કરવા ઉપસ્થિત મહિલાઓને અનુરોધ કર્યો હતો. ધારાસભ્યએ સખી મંડળોને આપવામાં આવેલી લોન સહાય બદલ નારીશક્તિ વતી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

અગ્રણી દશરથભાઈ બારિયાએ સરકારની વિવિધ જનકલ્યાણ લક્ષી યોજનાઓ અંગે જાણકારી આપતા નારી ગૌરવ દિવસે શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતુ કે ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને તાલીમ આપી અને તેમને બેંક સાથે જોડી સહાય આપવામાં આવે છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત લાખો મહિલાઓ તેમના કૌશલ્ય થકી આર્થિક રીતે સદ્ધર બની છે. માનવવિકાસના સુચકાંકને વધુ ઉંચે લઈ જવા જનભાગીદારી થકી આ મહિલાઓ પુરક આવક દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવી રહી છે.

આ પ્રસંગે વડોદરા ખાતેથી વર્ચ્યુઅલ માદયમ થકી જોડાયેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મહીસાગર જિલ્લાની ૧૬ નવનિર્મિત આંગણવાડીઓ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે ઈન્ચાર્જ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી કે ડી લાખાણી, જિલ્લા પંચાયત કારોબારી અદયક્ષ ભવાનભાઈ, લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતિકાબેન પટેલ, ખાનપુર તાલુકા પંચાયત પ્રમુખ ઉમેશભાઈ, લુણાવાડા નગરપાલિકા પ્રમુખ બ્રિન્દાબેન શુકલ,અગ્રણી રાવજીભાઈ પટેલ,જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના સભ્યો, અગ્રણીઓ અધિકારીઓ, પદાધિકારીઓ, સખીમંડળની લાભાર્થી બહેનો સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# સંતરામપુર નગર ગોધરા વિસ્તારમાં રોડ ઉપર પડેલા ખાડા પુરવામાં તંત્ર નિષ્ફળ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
નગરના ગોધરા વિસ્તારમાં છેલ્લા એક માસથી ખાડો પુરવા નગરપાલિકા તંત્ર નિષ્કાળજી સ્થાનિક રહીશોએ વારંવાર રજૂઆત કરી. સંતરામપુર નગરમાં ગોધરા ભાગોળ વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ કરવા માટે રોડની બંન્ને સાઈડમાં ઊંડા ખાડા ખોદી નાખવામાં આવેલા હતા પરંતુ માત્ર ખાડા ખોદીને રાહદારીઓ અને સ્થાનિક રહીશો માટે મુશ્કેલી ઊભી કરેલી છે. હજુ સુધી કોઈ પણ પ્રકારની કામગીરી પૂર્ણ કરેલ નથી. નગરપાલિકા આયોજન વિના અને પ્લાનિંગ વગર કામગીરી કરતા સ્થાનિક રહિશો હાલાકી ભોગવી રહ્યા છે. તારીખના ખાડા ખોદીને નાના-મોટા વાહન ચાલકોને અકસ્માત સર્જાતા હોય છે. કેટલીકવાર આ ખાડામાં વાહનો ફસાઈ જતા હોય છે પરંતુ કામગીરી પૂર્ણ કરવામાં આવતી જ નથી. આ અંગેની સ્થાનિક રહીશોએ રજૂઆત કરેલી કે તાત્કાલિક ખાડા પૂરી દેવામાં સ્થાનિક રહીશોની આ બાબતની વાત દયાનમાં લેવામાં આવતી જ નથી. સ્થાનિક રહીશોના ટેક્સની રકમનું બેફામ ખોટો ખર્ચ કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવતી જ નથી. વરસાદી પાણીનો નિકાલ માટી બે વર્ષ અગાઉ કોન્ટ્રાકટર દ્વારા રોડ બનાવવામાં આવેલો તે દરમિયાનમાં કોઈપણ પ્રકારનું ધ્યાન આપવામાં આવેલ ન હતું. હાલમાં વર્ષો જૂની વરસાદી ગટર બનાવવામાં આવેલી તે પણ બંધ કરી દેવામાં આવેલી છે નગરપાલિકાની બોર બેદરકારી અને આયોજન વિના ની કામગીરી સ્થાનિક રહીશો માટે મુશ્કેલી ઉભી કરી છે પરંતુ સંતરામપુર નગરપાલિકા નગરની અંદર કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં સફળ થઇ નથી. વહેલી તકે ગોધરા ભાગોળ વિસ્તારમાં ખોદી નાખી લા ખાડાઓ પૂરી દેવામાં આવે તેવી સ્થાનિક રહિશોએ માંગ ઊભી થઈ છે.

# સંતરામપુરમાં કોંગ્રેસ દ્વારા ભાજપ સરકારના વિરોધમાં મહિલા સુરક્ષાની રેલી યોજાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
આ રેલીમાં માજી સાંસદ પ્રભાબેન, મહીસાગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ હરજીવનભાઈ, સંતરામપુર તાલુકાના પ્રમુખ, જયકરભાઈ પુરોહિત, સંતરામપુર શહેરના દિપેશ પ્રજાપતિ, લુણાવાડા શહેરના સુરેશભાઈ પટેલ, મહીસાગર જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા પરસોત્તમભાઈ પટેલ, સંતરામપુર માજી ધારાસભ્ય જી.એમ.ડામોર, મહીસાગર અસંગઠિત મજદૂર સંગઠનના કાળુભાઈ નિનામા, માજી આરોગ્ય સમિતિના ચેરમેન મણીબેન ડામોર, ઉપપ્રમુખ ઝવેરભાઈ ખરાડી, ભરતભાઈ ડીંડોર, પવન ડામોર, માલિક અરબ, જાવેદ શહેરવાળા, જાવેદ દાઉદ, મહિલા પાંખના પ્રમુખ કોકિલાબેન ડામોર વગેરે કાર્યકર ની સંતરામપુર પોલીસે અટકાયત કરેલ હતી.

# મહીસાગરમાં દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા ઑક્સીજન કન્સન્ટ્રેટર મશીનોનું PHC અને CHC ખાતે ફ્રી માં વિતરણ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાતભરમાં ત્રીજી લહેરને લઈને આરોગ્ય વિભાગ દ્વારા પૂર ઝડપે તૈયારી ચાલી રહી છે. ત્યારે રાજ્ય સરકાર તો પોતાની કામગીરી કરી રહી છે. ત્યારે સંભવિત ત્રીજી લહેરને રોકવા માટે કેટ-કેટલીય સેવાકીય સંસ્થાઓ આગળ આવી રહી છે. ત્યારે આવીજ બારડોલી સ્થિત સંસ્થા દ્વારા ગુજરાતભરના આદિવાસી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અમેરિકા અને હોંગકોંગથી મંગાવેલા કુલ ૧૭૦૦ જેટલા ઑક્સીજન કન્સન્ટ્રેટર મશીનોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજ રોજ રાજપૂત સમાજની વાડી લુણાવાડા ખાતે દિવાળીબેન ટ્રસ્ટ અને મહાકાલ સેના મહીસાગર તથા જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે યોજાયેલ લોકાર્પણ સમાહરોહમાં ઉપસ્થિત લુણાવાડા સ્ટેટ મહારાજા સિદ્ધરાજસિંહ, દેવગઢ બારિઆ સ્ટેટ મહારાજા તુષારસિહજી, મહીસાગર જિલ્લા કલેક્ટર કે.ડી. લાખાણી, લુણાવાડા ધારાસભ્ય જિગ્નેશભાઈ સેવક, મહીસાગર જિલ્લા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ દશરથભાઈ બારિયા, તેમજ મહાકાલ સેના ગુજરાત અધ્યક્ષ વિજયસિંહ ચાવડા, તેમજ દિવાળીબેન ટ્રસ્ટના ડાયરેક્ટર ડો મુકેશ ભગતના વરદ્દહસ્તે અંદાજિત રૂપિયા ૨૪ લાખના કુલ ૫૪ મશીન મહીસાગર જિલ્લાના છ તાલુકાનાં પી.એચ.સી અને સી.એચ.સી ખાતેના અંતરિયાળ ગામોમાં તાલીમ આપીને મફતમાં વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં આ આધુનિક મશીનમાં ૪૮ કલાક સુધી ઓકસીજન આપી શકે છે અને તેમાંથી આવેલો પ્રાણવાયુ ૯૦-૯૩ % જેટલો શુદ્ધ હોય છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા બસ સ્ટેન્ડમાં પાસ કાઢવા માટે પાસ ધારકો અને વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગી હતી. કોરોનાકાળમાં બસ સ્ટેન્ડમાં પાસ માટેની બારી ઉપર સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો. વાલીઓ દ્વારા એસ.ટી.વિભાગને વ્યવસ્થા કરવા માંગ કરાઈ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૪-૦૮-૨૦૨૧, બુધવાર, આશાઢ વદ-બારસ, સૂર્યોદય-૬-૧૨, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૮.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

# દાહોદ જિલ્લાન કૃષિકારોની ખુશીનું કારણ બનતી સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
પ્રથમ વાતલીમખેડા તાલુકાના આંતરસુંબા ગામના ભૂરસિંગ કલાસવા દોઢ વર્ષ પહેલા તેમની ત્રણ વિઘા જમીનમાંથી વર્ષે દહાડે માત્ર રૂ. ૨૦ હજારની કિંમતની ઉપજ મેળવતા હતા. હવે તે એ જ જમીનમાંથી વર્ષે રૂ. બે લાખની ઉપજ મેળવે છે. કારણ ? મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની સાત પગલાં ખેડૂત કલ્યાણની યોજના ! તેમને આત્માના માદયમથી જીવામૃત બનાનાવાની તાલીમ તો મળી સાથે સાધન સહાય પણ અપાઇ. હવે તે આર્ગેનિક ખેતી કરતા આવક બમણી થઇ છે.

ગરબાડા તાલુકાના દાદુર ગામના વાસુદેવભાઇ દલસિંગભાઇ બારિયાએ પોતાની વાડીમાં નાનુ ગોદામ બનાવ્યું છે. પહેલા સ્થિતિ એવી હતી કે ખેતીમાંથી જણસીની લણણી થાય એટલે તુરંત ફરજિયતા વેંચવી પડતી હતી. પાક સંગ્રહ કરી શકાય એવી જગા ન હોવાના કારણે જે ભાવ મળે એ ભાવ કમને વેંચવી પડતી હતી. હવે, તેમને મુખ્યમંત્રી પાકસંગ્રહ સ્ટ્રક્ચર યોજનાનો લાભ મળતા રૂ. ૩૦ હજારના ખર્ચથી વાડીમાં ગોદામ બનાવ્યું અને પાક સંગ્રહ કરવાની સુવિધા મળતા સારો ભાવ મળે ત્યારે પાક વેંચી શકશે.

રાજયના ખેડૂતોની આવક બમણી કરી તેમનું સર્વાંગી કલ્યાણ કરવાના ઉદ્દાતભાવ સાથે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ શરૂ કરેલી સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના દાહોદ જિલ્લાના અનેક ખેડૂતોના ખુશીનું કારણ બની છે.

દાહોદ જિલ્લાની જ વાત કરીએ તો સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના અંતર્ગત ૬૫૪૩ ખેડૂતોને તેનો પ્રત્યક્ષ લાભ મળ્યો છે. રાજ્ય સરકારે રૂ. ૫૭૩ લાખના ખર્ચથી દાહોદના આ ખેડૂતોને વિવિધ પ્રકારની સહાય કરી છે.

આ યોજનાનું બંધારણ એવા પ્રકારનું છે કે, જેમાં ખેડૂતોને ખૂબ જ જરૂરી હોય તેવી તમામ બાબતોને આવરી લેવામાં આવી છે. જેમ કે, ખેડૂતો પાસે પાક સંગ્રહ કરવાની સુવિધા ના હોવાથી તેમને જણસી તુરંત વેંચવી પડતી હતી. પણ હવે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને નાનું ગોદામ બનાવવા માટે રૂ. ૩૦ હજારની સહાય આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં ૨૫૩ ખેડૂતોને આવા નાના ગોદામ બનાવવા માટે રૂ. ૭૫.૯૦ લાખની સહાય આપવામાં આવી છે.

પાકી ગયેલા પાકને માર્કેટ યાર્ડ સુધી લઇ જવા માટે નાના માલવાહનની ખરીદી માટે સહાય પણ ઉક્ત યોજના હેઠળ આપવામાં આવે છે. જેમકે વજેલાવના એક ખેડૂત અર્જુનભાઇ ડાંગીએ છોટા હાથીની ખરીદી કરી. હવે તે પોતાના વાહનમાં પાક વેંચવા માટે યાર્ડ સુધી સરળતાથી જઇ શકે છે. આ ઉપરાંત ભાડે પણ વાહન ચલાવી શકે છે. કામનું કામ અને આવકની આવક !! જિલ્લામાં ૧૦૭ ખેડૂતોને રૂ. ૭૭.૭૫ લાખની સહાય આપવામાં આવી છે.

રસાયણિક ખાતરોના ઉપયોગ વિના પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી થાય અને તેની સાથે પશુપાલનને પણ પ્રોત્સાહન મળે એ માટે પણ મુખ્યમંત્રી રૂપાણીની સરકાર દ્વારા એક નવતર યોજના શરૂ કરાઇ છે. તેમાં ખેડૂતોને એક ગાયના નિભાવ માટે રૂ. ૯૦૦ની માસિક સહાય આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં હાલમાં આવા ૩૬૫૦ ખેડૂતો સહાય મેળવી રહ્યા છે. એમની સાથે ૩૪૫ ખેડૂતોને જીવામૃત બનાવવા માટે સાધન સહાય પૂરી પાડવામાં આવી છે. જિલ્લામાં ૨૧૮૮ લાભાર્થીઓને ગુજરાત સરકારના છાંયડા અંતર્ગત છત્રીઓ આપવામાં આવી છે.

દાહોદ જિલ્લાના ખેડૂતોના કલ્યાણ માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનું સૌથી મોટું યોગદાન હોય તો એ છે કે કડાણ ઉદ્વહન સિંચાઇ યોજના અંદાજે રૂ. ૧૬૩૫ કરોડની આ યોજના થકી પ્રથમ તબક્કામાં ૫૪ જેટલા તળાવો, ડેમો ભરવાથી સિંચાઇલક્ષી સુવિધામાં વૃદ્ધિ નોંધાઇ છે.

ખેડૂતોની વાત આવે એટલે મુખ્યમંત્રી રૂપાણીની દાહોદ ઉપર અમીદ્રષ્ટી રહી છે. એટલે જ ગુજરાતમાં સૌ પ્રથમ દાહોદ જિલ્લાના ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કર્યો હતો. પાકોમાં પીયત કરવા માટે રાતે વીજળી મળતી હોવાના કારણે ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે, તેમાંથી મુક્તિ મળી છે. જિલ્લામાં ૧૮ સબ સ્ટેશનમાં ૪ હજાર કિલોમિટર નવી વીજલાઇન નાખી ૨૩૪૧ ખેડૂતોને હાલમાં દિવસે વીજળી આપવામાં આવી રહી છે. એ પણ નજીવા દરે !

આ ઉપરાંત આ વર્ષે પણ વનબંધુ કલ્યાણ યોજનાના અંતર્ગત દાહોદના ૩૫ હજાર ખેડૂતોને ૬.૮૪ કરોડની ખાતર-બિયારણની સહાય કરવામાં આવી છે. ખેડૂતોને રૂ. ૧૯૫૭ની કિમતનું ૪૫ કિલો યુરિયા, ૫૦ કિલો ઓર્ગેનિક ખાતર અને ૪ કિલો મકાઇનું બિયારણ આપવામાં આવ્યું છે. આમ, ઉકત બાબતો મુખ્યમંત્રી રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકાર દ્વારા દાહોદ જિલ્લાના ખેડૂતોના વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# બંદુક-તલવાર સહિતના શસ્ત્રો સાથે રાખવા પર પ્રતિબંધ મૂકતાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોર



દાહોદ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરએ આગામી તહેવારોને દ્યાનમાં રાખી તા. ૪ ઓગસ્ટના રોજ એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને જિલ્લામાં કેટલાંક કૃત્યો પર આગામી ૩૦ દિવસ સુધી પ્રતિબંધ મૂક્યો છે. જાહેરનામાં મુજબ શસ્ત્રો, દંડા, તલવાર, ગુપ્તી, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી, સળગતી મશાલ કે શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઇ પણ સાધન સાથે લઈને ફરવું નહી.

કોઈપણ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે રાખવો નહી. પથ્થર કે અન્ય ફેંકી શકાય તેવી વસ્તુઓ કે એ માટેના યંત્રો કે સાધનો સાથે લઇ જવા નહી, એકઠા કે તૈયાર કરવા નહી. મનુષ્યોની આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં, અપમાનિત કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં કે ટોળામાં ફરવું નહી.

આ ઉપરાંત છટાદાર ભાષણો, ચાળા પાડવાની કે નકલ કરવાની કે ચિત્રો, નિશાનીઓ કે જાહેરખબરો કે બીજી કોઈ વસ્તુ તૈયાર કરવાની, દેખાડવાની કે ફેલાવો કર્યાથી જો આ અંગેના અધિકારીના અભિપ્રાય મુજબ સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય કે રાજયની સલામતી જોખમાતી હોય તેની જાહેરનામા દ્વારા મનાઇ કરવામાં આવી છે. આ હુકમ કેટલાંક ખાસ પ્રસંગો જેવા કે, ધાર્મિક વિધી, મરણોત્તર ક્રિયા ઉપરાંત સરકારી કર્મીઓ જેમને હથિયાર સાથે રાખવાનું હોય, આ માટેના પરવાનેદારો, સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ હુકમ લાગું પડશે નહી. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ફતેપુરાના કરોડીયા ગામે મોબાઈલ ચોર અન મોબાઈલનું લોક તોડી આપતાં દુકાનદાર સામે ફરિયાદ

ફતેપુરા,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા ગામે એક યુવતીનો મોબાઈલ ફોન એક ચોર ચોરી કરી લઈ ગયાં બાદ મોબાઈલને એક મોબાઈલની દુકાને લઈ જઈ મોબાઈલના દુકાનદારે મોબાઈલનું લોક તોડી આપી એકબીજાની મદદગારી કરતાં હોવાનું પોલીસ સમક્ષ સામે આવતાં પોલીસે મોબાઈલ ચોર અને મોબાઈલના દુકાનદાર સામે ફરિયાદ નોંધી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૨મી માર્ચના રોજ કરોડીયા ગામે બાયપાસ રોડ લેલાવા તળાવની પાળ પાસેથી રીંકલબેન રાજેશભાઈ સોલંકીનો રૂા.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન સંજયકુમાર કનુભાઈ હરીજન (રહે. કરોડીયા પુર્વ, તા.ફતેપુરા, જિ.દાહોદ) નો ચોરી કરી લઈ ગયો હતો. આ બાદ સંજયકુમાર દ્વારા આ મોબાઈલ ફોન લઈ તેનું લોક તોડાવવા ફતેપુરાના મોળા કુવા પાસે મોબાઈલની દુકાન ધરાવતાં રીઝવાન ઈબ્રાહીમ ઘડા પાસે લઈગયો હતો. મોબાઈલના દુકાનદાર રીઝવાન દ્વારા આ ચોરીના મોબાઈલ ફોનનું લોક તોડી સંજયકુમારને આપી દીધો હતો. આ અંગેની જાણ ફતેપુરા પોલીસને થતાં ફતેપુરા પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂદઘ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા જાગૃતિ વિદ્યાલયમાં પૂર્વ સાંસદે આરોગ્યલક્ષી સુચનો કર્યા


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકામાં આજ રોજ જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરામાં દાહોદ જિલ્લા પૂર્વ સાંસદ શ્રીમતિ ડો. પ્રભાબેન તાવિયાડ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આરોગ્યને લગતા માહિતગાર કર્યા અને કોરોના જેવી ગંભીર બીમારી માટે સાવચેતી રાખવી જોઈએ એવી વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવી હતી અને વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો અને શાળાના આચાર્ય તથા શિક્ષકો તેમજ શાળાના બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# નારી ગૌરવ દિને સ્વામી વિવેકાનંદ સંકુલ, દાહોદ ખાતે રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજ્ય સરકારના નવ દિવસ ચાલનારા સેવાયજ્ઞના ચોથા દિવસે–નારી ગૌરવ દિવસે દાહોદ જિલ્લામાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં સખી મંડળની મહિલાઓને લોન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આજના નારી ગૌરવ દિવસે જિલ્લાની ૨૫૬ સખી મંડળને રૂ.૨૫૬ લાખની લોન સહાય મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ આપવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના યશસ્વી નેતૃત્વમાં વિકાસના અનેક સોપાનો સર કર્યા છે. તે નિમિત્તે નવ દિવસ ચાલનારા સેવાયજ્ઞના ચોથા દિવસે રાજ્યભરની હજારો મહિલાઓને મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત સહાય આપવામાં આવી રહી છે. ત્યારે દાહોદ જિલ્લાની ૨૫૬ સખી મંડળોને રૂ. ૨૫૬ લાખની લોન સહાય આપવામાં આવી છે. આ લોન વિના વ્યાજની અને જામીન વિનાની છે. રાજ્ય સરકાર દ્વારા આટલી મોટી સંખ્યામાં મહિલાઓને લોન આપીને મહિલાઓના આર્થિક ઉત્કર્ષની દિશામાં આ વધુ એક સીમાચિહ્નરૂપ સિદ્ધી મેળવી છે.

તેમણે જણાવ્યું કે, આપણી સંસ્કૃતિમાં નારીને અનેરૂ ગૌરવ આપવામાં આવ્યું છે. જયાં નારીને સન્માન અપાય છે, સમાનતા અપાય છે ત્યાં જ વિકાસ થાય છે. રાજ્ય સરકારે મહિલાઓના સશક્તિકરણને હંમેશા પ્રાથમિકતા છે. રાજ્ય સરકારે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ દ્વારા મહિલાઓના વિકાસને નવી ક્ષિતિજો આપી છે. સરકારની કન્યા કેળવણી યોજના, ભણવા મફત એસટી પાસ થી લઈને સાયકલ મળે, વિદ્યાલક્ષ્મી બોન્ડ, વ્હાલી દિકરી યોજના આ બધી યોજનાઓમાં રાજ્ય સરકારની સંવેદના ઝળકે છે.

તેમણે ઉમેર્યું કે, વર્ષો પહેલા નારીનું જીવન ખૂબ વિષમતાભર્યું હતું. પરંતુ છેલ્લા વર્ષોમાં રાજ્ય સરકારે અનેક યોજનાઓ થકી શહેરી સહિત ગ્રામ્ય મહિલાઓને આર્થિક સક્ષમ બનાવીને નવો આત્મવિશ્વાસ મેળવી આપ્યો છે. અત્યારે રાજ્યની ૬ દિકરીઓ ટોકિયો ખાતે ચાલી રહેલી ઓલ્મ્પિકમાં કવોલિફાઈ થઈ છે તે પણ મોટા ગૌરવની ક્ષણ છે. વર્ષ ૨૦૧૭–૧૮માં ડાંગ જિલ્લાની દિકરી સરિતા ગાયકવાડે દોડમાં ગોલ્ડ મેડલ મેળવતાં રાજ્ય સરકારે રૂ. ૧ કરોડ આપીને સન્માન કર્યું હતું. રાજ્ય સરકાર રમત ગમતને હંમેશા પ્રોત્સાહન આપતું રહ્યું છે અને તેના સારા પરિણામ આપણે જોઈ રહ્યાં છીએ. તેમણે જણાવ્યું કે, કોરોનાના કપરા કાળમાં પણ સખી મંડળની ૫૫૯૬ બહેનોએ ૮૦ લાખ માસ્કનું ઉત્પાદન કરીને અનોખી સેવા કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ સખી મંડળોને મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત લોન સહાયના ચેક આપવામાં આવ્યા હતા. રાજ્યમંત્રી પટેલે દાહોદ નગરમાં સખી મંડળ દ્વારા ચલાવાતા પ્રખ્યાત પ્લાસ્ટિક કાફે અને સખી શોપની તેમજ દાહોદ નગરનાં એપીએમસી માર્કેટની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવી, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, એપીએમસી ચેરમેન કનૈયાલાલ કિશોરી, ડીઆરડીએ નિયામક સી.બી. બલાત, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ તેમજ સખી મંડળની મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# લીમડી નગરના વેપારીની દુકાન માંથી ચોરી થયેલ મોબાઈલ સાથે બે આરોપીને પોલીસે ઝડપ્યા



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં થોડા દિવસો પુર્વે એક વેપારીનો દુકાનમાંથી મોબાઈલ ફોન ચોરી થઈ ગયાં ઘટના બની હતી અને આ મામલે વેપારીએ લીમડી પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. લીમડી પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ ત્વરીત એક્શનમાં આવેલ પોલીસે ગણતરીના કલાકોમાં પોકેટ કોપ મોબાઈળનો ઉપયોગ કરી આ મોબાઈલ ચોરી કેસમાં બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતાં પ્રાપ્ત કરેલ છે. લીમડી પોલીસે અલગ અલગ ટીમો બનાવી આ ગુન્હાનો ભેદ ઉકેલી રહી હતી અને આ દરમ્યાન લીમડી નગરના આસપાસના સીસીટીવી ફુટેજો પણ લીમડી પોલીસે ચેક કર્યાં હતાં. જેમાં એક મોટરસાઈકલ ચોરીની ઘટનામાં ઉપયોગ કરી હોવાનું સામે આવ્યું હતું અને આ મોટરસાઈકલનો નંબર પોકેટ કોપ મોબાઈલમાં સર્ચ કરતાં મોટરસાઈકલના માલિક એઝાજ યુસુફ પીંજારા (રહે. દાહોદ, મોટાઘાંચીવાડ,) નું પોલીસને જાણળા મળ્યું હતું. આ બાદ પોલીસે એઝાજનો સંપર્ક કરતાં બનાવના દિવસે મોટરસાઈકલ પોતાના ભાઈ ફિરદોસ યુસુફ પીંજારા લઈ ગયો હોવાનું પોલીસને જણાવ્યું હતું જેને આધારે તેને પકડતાં પોતાની સાથે ફિરદોસ ઉર્ફે અલા – બલા ઈસાભાઈ છિત્તલ (રહે. દાહોદ રોડ, સ્મશાન રોડ, ઘાંચીવાડ, તા. જિ.દાહોદ) નાઓ મોટરસાઈકલ ઉપર બેસી લીમડીના વેપારીને ત્યાં આવ્યાં હતાં અને ત્યા ટાયર ખરીદવાના બહાને દુકાનદારનો મોબાઈલ ફોન ચોરી કરી હોવાનું સામે આવતાં ઉપરોક્ત બંન્ને આરોપીઓને પોલીસે પકડી લાવી લીમડી પોલીસ મથકે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રિમાન્ડ મેળવવાની તજવીજ પણ હાથ ધરી છે.

# દે.બારીયા નગર પાલિકાના વિસ્તાર લઘુમતિ વિસ્તાર કસ્બાના વિકાસ કાર્યો કરવામાં ઘોર અન્યાય થઈ રહ્યો છે ???

દે.બારીયા,

દે.બારીયા કસ્બામાં ૮૦ ટકા લઘુમતિના ઘરો આવેલા છે. જેમાં પાલિકાના અનેક વિકાસના કાર્યો મંજુર થયેલા છે. તે કાર્યો શરૂ કરાવવા માટે ખાસ્સા પ્રયત્નો બાદ શું કરે છે. તે કાર્ય અધ્ધ વચ્ચે અટકાવી દેવાતા હોય છે. એક રોડનું ખોદકાર્ય મે માસ થી કરવામાં આવ્યું હોવા છતાં હાલ ઓગસ્ટ માસ આવી ગયો. ત્રણ ત્રણ માસનો સમય વિતવા આવ્યો તેમ છતાં કસ્બા વિસ્તારના રેટીંયાપોળ, નિચવાસ થઈ ભે દરવાજા, મેન રોડને જોડતો આર.સી.સી.રોડનું કાર્ય શરૂ કરવામાં કેટલો સમય લાગશે તે કોન્ટ્રાકટર તથા નગર પાલિકાના સત્તાપક્ષના બહેરા કાનના સત્તાધિશોને આમ જનતા પૂછે છે ? ત્રણ માસ કોઈ રોડને બનાવવામાં કોન્ટ્રાકટર લેતો હોય તો તેવા કોન્ટ્રાકટરને કેમ બ્લેક લીસ્ટમાં ન મુકવા જોઈએ. આ વોર્ડ નંબર–૬ના ચુંટાયેલા ચાર સભ્યો માંથી ત્રણ સત્તાપક્ષ ભાજપના હોવા છતાં આ લઘુમતિ વિસ્તારને ઘોર અન્યાય થઈ રહ્યો છે. ઉપપ્રમુખ આ વોર્ડ નં–૬ માંથી જ ચુંટાયા છે અન તેમને લઘુમતિઓના વોટ પણ ખાસ્સા મળેલા છે. તો પણ ઉપપ્રમુખ આ વિસ્તારના વિકાસના કાર્યો કરવા માટે કેટલી ઉત્તકક્ષા દેખાડે છે. તે આવનારો સમય બતાવશે ? શું ? સત્તાપક્ષના ઉપપ્રમુખ તથા બે મહિલા ભાજપના સભ્યોનું માન સન્માન ભાજપમાં જળવાતું નથી. ભાજપના સભ્યો તથા બોડને ખબર નથી જનારદન સત્તા પાંચ વર્ષ માટે આપી હોય છે. કાયમ માટે નહિ ફરી પાંચ વર્ષ સત્તામાં જવા માટે જનતા પાસે જવું પડશે તે સત્ય હકીકત છે.

આ રોડનું કાર્ય પહેલા ખોદકાર્ય ગોકુળગતિ કરવામાં આવતું હતું. કારણ કોન્ટ્રાકટર પાસ થયા પહેલા કાર્ય શરૂ કરી દેવામાં આવે છે. આ ગેરબંધારણિય છે. ખોદકાર્ય બાદ પીવાના પાણીની પાઈપનું ખોદકાર્ય કરવામાં આવ્યું પછી પાઈપો નાખી જૂના કનેકશનો સ્થાનિકોના તોડી નાખ્યા ગંદા પાણીની પાઈપો તોડી નાખી છે. આ નુકશાનીનો ભરપાઈ કો કરશે કોન્ટ્રાકટર કે પાલિકા તે યક્ષ પ્રશ્ન છે. નગર પાલિકાના સી.ઓ.ને વારંવાર કહેવામાં આવવા છતાં સ્થળ ઉપર આવીને ચકાસણી કરી નથી. ખોદકાર્યના કારણે ગંદા પાણી અને વરસાદી પાણીજન્ય રોગો ફેલાવા માંડ્યા છે. જેવાં કે ટાઈફોડ, મેલેરીયા, તાવ, ડેન્ગ્યુ જેવા જીવલેણ રોગ ફાટે તો નવાઈ નહીં. આ અંગે વોર્ડ નંબર ૬ના સભ્યો મકરાણી ઝાહિર અલી એમ (મુન્નાભાઈ) રજુઆતો કરી ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે ભુખ હડતાળ ઉપર ઉતરવા માટે કમર કસી રહ્યા છે. ૧૫મી ઓગસ્ટ આપણા ભારત દેશમાં સ્વતંત્રના દિવસ પહેલા કાર્ય શરૂ નહિ કરવામાં આવે તો પોતાના કાર્ય કરો સાથે ભૂળ હડતાળ કરવાના છે. તેવું તેમની પાસેથી જાણવા મળેલ છે.

અત્રે ખાસ ઉલ્લખનિય છે કે, ૩ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ માન્ય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વ્યુચલ દાહોદ ખાતે ઉપસ્થિત રહીને લાભાર્થીઓને સરકારી વ્યવસ્થા અંગે જાણકારી માંગી હતી અન રાજકોટના નયનાબેન જોષી સાથે વાત કરતા પીવાના પાણી અંગેની મુશ્કેલીઓના વિશે યાદ અપાવી હતી. દે.બારીયા ભાજપ શાસન નગર પાલિકા જ માન્ય વડાપ્રધાન સૂત્રના જલ સે જલ ઘર ઘર પહોંચે તે આહ્વાવાન સાર્થક કરવામાં તત્પરતા દાખવતી નથી. દે.બારીયા નગર પાલિકાની બેજ સમિતીઓની રચના કરવામાં આવે છે. ટાઉન પ્લાનિંગ અને કારોબારી બીજી અનેક સમિતિ લાઈટ, પાણી, શિક્ષણ, આરોગ્ય તથા નવા વાહનો ખરીદીની સમિતિ કેમ બનાવી નથી. તે વડોદરા ઝોનના કમીશ્નર માટે તપાસનો વિષય છે. ત્થા કોઈપણ રોડ અથવા પાઈપો લાઈટ સમાન જાહેરનામું કયારે બહાર પડે છે. ટેન્ડરની છેલ્લી તારીખ કઈ છે. ટેન્ડર ખોલવાના સમયે તમામ એજન્સી ને જાણ કેમ કરવામં આવતી નથી. આ મલાઈદાર કાર્યો મળતીયાઓના અને ખુદ સભ્યોના સગાસંબંધીઓના ડીમઓ નામે કોન્ટ્રાકટરો અને એજન્સીઓને ઉભા કરીને બધાં જ મળી આખું કોરુ શાળમાં ખાવામાં રહ્યા રચ્યા રહે છે. જેથી લુધમતિ વિસ્તારના અટવાય પડેલા તમામ વિકાસના કાર્યો પૂનઃ ચાલુ કરાવવા માટે દે.બારીયાના લોકલાડીલા નેતા એવા બચુભાઈ ખાબડ હસ્તાક્ષેપ કરે તેવું લઘુમતિની આમ જનતા કાગડોળે આશા સેવી રહી છે.




પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# કાલોલના ઘુસર ગામે ગોમા નદીમાં રેતી ખનન કરતાં ભુમાફિયાઓને

# ખાણ-ખનિજ વિભાગ અને પોલીસે રેઈડ કરી ૧૭ ટ્રેક્ટર સહિત ૮૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના ઘુસર ગામ ગોમા નદી માંથી ભૂમાફિયાઓ દ્વારા રેતીનું ગેરકાયદેસર ખનન કરતાં હોય તે સ્થળે ખાણ-ખનિજ વિભાગ અને પોલીસે સંયુક્ત રેડ કરી હતી. રેઈડ દરમ્યાન ૧૭ જેટલા ટ્રેક્ટર સહિત ૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદી માંથી ભુમાફિયા ગેરકાયદેસર રેતી ખનનનો કારોબાર ધમધમી રહ્યો છે. ઘુસર ગામે ગોમા નદીમાં ચાલત રેતી ખનનના કાળા કારોબારને ડામવા માટે જીલ્લા વહીવટી તંત્રને ગ્રામજનોની રજુઆત મળી હતી. જેના આધારે થોડા મહિના અગાઉ જીલ્લા કલેક્ટર, જીલ્લા પોલીસવડા, ખાણ-ખનિજ વિભાગ દ્વારા સંયુક્ત રેઈડ કરવામાં આવી હતી અને ૨૦ જેટલા રેતી ભરેલ વાહનો કબ્જે લેવામાં આવ્યા હતા. સાથે ઘુસર ગામે ગોમા નદીમાં રેતી ખનન રોકવા માટે પોલીસ થોડી ઉભી કરવામાં આવી હતી. જેને લઈ થોડા સમય માટે રેતી ખનન માફિયાઓ ઉપર રોક લાગી હતી. ઘુસર ગોમા નદી માંથી પોલીસ થોડી હટાવતા પૂનઃ રેતી માફિયાઓ રેતી ખનન તરફ વળ્યા હતા. ગોમા નદીના પટ માંથી રેતી ખનન કરતાં રેતી ખનન માફિયા પૂનઃ સક્રિય થતાં આજરોજ વહેલી સવારે જીલ્લા વહિવટી તંત્ર ખાણ-ખનિજ વિભાગ અને પોલીસ દ્વારા ભૂમાફિયાઓને ડામવા માટે ઘુસર ગામે ગોમા નદીમાં સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. રેઈડ કરવામાં આવી હતી. ગોધરા ખાણ-ખનિજ વિભાગ અને પોલીસની અલગ -અલગ ટીમો દ્વારા રેઈડ કરવામાં આવતાં ૧૭ જેટલા ટ્રેકટર સહિત ૮૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.અને રેતીના ટ્રેકટરો વેજલપુર પોલીસ મથકે રાખવામાં આવ્યા છે. કાલોલના ઘુસર ગામે ગોમા નદી માંથી ખાણ-ખનિજ વિભાગની મંજુરી કે લીઝ વગર ગેરકાયદેસર રીતે રેતી ખનન કરતાં સરકારી તિજોરીને મોટું નુકશાન થવા પામ્યું છે. ખાણ-ખનિજ વિભાગની ક્ષેત્રીય ટીમ દ્વારા રેતી ખનન થયેલા સ્થળની જીપીએસ સિસ્ટમ દ્વારા તપાસ કરવામાં આવી છે. અને કાયદાકીય દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ઘુસર પંથકમાં રેતી ખનનને લઈ કુવાના સ્તર નીચે જતાં ખેડુતોને મુશ્કેલી

કાલોલના ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવા ભૂમાફિયાઓ બેફામ બન્યા છે. ગોમા નદીના પટ માંથી મોટા પ્રમાણમાં રેતી ખનન કરતાં આ પંથકમાં કુવાના સ્તર નીચા ગયા છે. જેને લઈ ખેડુતોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

### ગોમા નદી માંથી રેતી ખનન કરતાં ભૂમાફિયા માથાભારે હોય જેને લઈ સ્થાનિકો વિરોધ કરતાં ડરે છે

કાલોલ તાલુકામાં બેફામ રેતીના પ્લાન્ટ ધમધમી રહ્યા છે. આવા રેતી પ્લાન્ટને ચાલુ રાખવા માટે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનનો વ્યાપ વધ્યો છે. ગોમા નદીના પટ માંથી રેતી ખનન કરતાં ભૂમાફિયાઓ માથા ભારે હોવાને લઈ ગ્રામજનો આવા લોકોનો વિરોધ કરતા પણ ખચકાય છે. પરિણામે ઘુસર પંથકમાં રેતી ખનન દિનપ્રતિદિન વધી રહ્યું છે.

## શહેરાના ભેંસાલ ગામના યુવાન સ્યુસાઈડ નોટ લખી ચાર દિવસ પહેલા ગુમ થયેલા યુવાન અંગે પોલીસ મથકે ફરિયાદ

શહેરા,

તાલુકાના ભેંસાલ ગામનો યુવાન સ્યુસાઈડ નોટ લખીને ચાર દિવસ પહેલા ઘર છોડીને જતા પરિવારજનો ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. યુવાનની પથારીમાંથી મળી આવેલ સ્યુસાઈડ નોટમા પત્નીના આડા સંબંધના કારણે તેમજ સાસરી વાળા ધમકી આપતા હોવા સહિતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસ મથક ખાતે ગુમ થનાર યુવાનના પિતાએ સમગ્ર બનાવની હકીકત જણાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ભેંસાલ ગામના ટેકરા ફળિયા ખાતે મગનભાઈ કાનાભાઈ પગીના પુત્ર જીતેન્દ્ર તારીખ ૩૧/૭/૨૧ની રાત્રિના સમયે ઘર છોડીને જતો રહ્યો હતો. ઘર છોડીને જનાર જીતેન્દ્રનો પુત્ર મોહિત પોતાના પિતાને સવારમાં ઉઠાડવા માટે ગયો. ત્યારે તેને તેના પિતા સૂતા જોવા મળ્યા નહી, પણ પથારી માંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેને લઇને મોહિત એ તેના દાદા અને કાકા ને બૂમો પાડીને બોલાવ્યા હતા. જીતેન્દ્ર એ ચિઠ્ઠીમાં મારી પત્નીના આડા સંબંધને કારણે મને ખબર પડતા મેં મારી પત્નીને ઘરેથી કાઢી મૂકી હતી. મારી સાસરી વાળા લોકો મને ધમકી આપતા હતા. મારા બે બાળકો છે.તે મારી મમ્મી ને સોંપીને સુસાઇડ કરૂ છું. તેવું લખાણ વાંચતા પરીવારજનોના ચિંતિત થવા સાથે આંખ માથી આંસુ વહેતા થયા હતા.મગન ભાઈ એ પોતાનો લાડકો દીકરો જીતેન્દ્રને શોધવા માટે નીકળી ગયા હતા. જ્યારે પરિવારજનો દ્વારા સગા સંબંધીઓ અને તેના મિત્ર વર્તુળ સાથે અનેક સ્થળે શોધખોળ કરવા છતાં યુવાન મળી આવ્યો ન હતો.ગુમ થનાર યુવાન જિતેન્દ્રના પિતા મગનભાઈ કાના ભાઈ પગી સહિત તેના પરિવારજનો સ્યુસાઇડ નોટ લઈને પોલીસ મથક ખાતે દોડી આવ્યા હતા. બનેલા બનાવની હકીકત પોલીસને જણાવતા પોલીસે અરજીના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પાછલા ચાર દિવસથી લાપતા થયેલ યુવાન જીતેન્દ્રના પિતા પોતાના દીકરા ને જ્યારે એક ભાઈ પોતાના ભાઈ ને ધાર્મિક સ્થળ, બસ સ્ટેશન સહિત વિવિધ જગ્યા ઉપર શોધખોળ કરી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્ર પણ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લઈને આ પરિવારને પોતાનો વહાલો દીકરો જીતેન્દ્ર પરત મળે તે માટેની કાર્યવાહી હાથ ધરે તેવી આશા પણ રાખી રહયા છે. બનેલ આ બનાવને લઇને ભેંસાલ ગામ તેમજ આજુબાજુના ગામમાં ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો છે.

## નારી ગૌરવ દિવસ : ગોધરા ખાતે કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

ગોધરા,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના સફળ નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થતા સમગ્ર રાજયમાં કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવાના હેતુથી પ્રજાલક્ષી યોજનાઓનાં કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. જે શ્રેણીમાં પંચમહાલ જિલ્લામાં આજે નારી ગૌરવ દિવસ નિમિત્તે પ્રવાસન અને મત્સ્યોદ્યોગ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ લોન સહાય વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. સરદારનગર ખંડ-ગોધરા ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં મંત્રી સહિતના મહાનુભાવોના વરદહસ્તે કુલ ૨૮ સ્વસહાય જૂથોને ૨૮ લાખની લોન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આ પ્રસંગે કેબિનેટ મંત્રી ચાવડાએ પોતાના સંબોધનમાં પ્રસિધ્ધ વૈજ્ઞાનિક મેરી ક્યુરી, ફેશન જગતના કોકો શેનલ, લેખિકાઓ જેન ઓસ્ટિન અને જે.કે. રોલિંગ જેવી મહિલા પ્રતિભાઓના અતુલનીય પ્રદાન અને જગત પર આ હસ્તીઓના પ્રભાવની વાત કરતા નારીશક્તિને વંદન કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સામર્થ્યની દ્રષ્ટિએ નારી અનેકગણી ચડિયાતી છે અને તક મળ્યે અઘરાથી અઘરા કાર્યો અને લક્ષ્યો સફળતાપૂર્વક પાર પાડી શકે છે ત્યારે નારીશક્તિની આ મહત્તા સમજીને મહિલાઓના આત્મનિર્ભર બનવાના સ્વપનને પૂર્ણ કરવા રાજ્ય સરકારે આર્થિક સ્વનિર્ભરતા માટે વિના વ્યાજની સહાય આપીને પૂર્ણ કર્યુ છે. મહિલાઓ કોઈપણ અડચણ વગર દરેક ક્ષેત્રે પ્રગતિ કરે તે માટે તેમને લોન-ધિરાણ, રોજગારલક્ષી યોજનાઓ-સુવિધાઓ પૂરી પાડી, વિવિધ ક્ષેત્રમાં મહિલાઓની વધુમાં વધુ સામેલગીરી સુનિશ્ચિત કરી રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણમાં આગવી ભૂમિકા ભજવી છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, બાળકનો જન્મ થાય ત્યારથી સરકારની નાગરિક કલ્યાણલક્ષી કામગીરી શરૂ થાય છે અને તે તેના ઉત્તમ પોષણ, શિક્ષણ, રોજગારીની તકો, સ્વાસ્થ્ય-રહેઠાણની સુવિધાઓથી માંડી જીવનના દરેક તબક્કે સરકાર વિવિધ કલ્યાણકારી યોજનાઓ મારફતે તેના જીવનને સરળ, ગુણવત્તાસભર બનાવે છે. માઈ-બાપની માફક જીવનની કોઈપણ મુશ્કેલી હોય સરકાર નાગરિકોને પડખે ઉભી છે અને તે જ કારણ છે કે વર્તમાન સરકાર અને તેના વડા મુખ્યમંત્રી સંવેદનશીલ સરકાર અને સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા છે. કોરોના કામગીરી વિશે વાત કરતા તેમણે ઉમેર્યુ હતું કે લોકડાઉનથી ઘટેલી આવકના કારણે કોઈ પણ સામાન્યજનને બે ટંકના ભોજનનો પ્રશ્ન ન નડે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ સરકારે પહેલા ૮ મહિના અને હવે મે મહિનાથી નવેમ્બર સુધી વિનામૂલ્યે અનાજ વિતરણની વ્યવસ્થા કરી દેશનો કોઈ નાગરિક ભૂખ્યો ન સુવે તેની દરકાર તેમણે કરી છે. નારી ગૌરવ દિન નિમિત્તે કરાયેલ લોનસહાયથી રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આર્થિક રીતે પગભર થવા, સદ્ધર થવા ઈચ્છતી મહિલાઓને જરૂરી સહાય બની રહેશે તેવી આશા વ્યક્ત કરતા મંત્રીએ ઉપસ્થિત બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ યોજના અંતર્ગત ગોધરા તાલુકાના અછાલા અને ઘોઘંબા તાલુકાના ગમીરપુરા ડુંગરા ખાતે કુલ ૧૪ લાખના ખર્ચે તૈયાર કરાયેલ ૦૨ આંગણવાડી કેન્દ્રોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજના દિવસે રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના વિકાસલક્ષી પ્રવૃત્તિઓને આગળ વધારવા રાજ્યના ૧૦ હજાર જુથની એક લાખ મહિલાઓને ૧૦૦ કરોડ રૂપિયાની વગર વ્યાજની લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને અન્યોએ વડોદરા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમને ઓનલાઈન નિહાળી થઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

## ગોધરા તાલુકાના બોડીદ્રા ગામે ‘‘મહિલા વિરોધી ભાજપ દિવસ’’ ઉજવવામાં આવ્યો

ગોધરા,

ભાજપ દ્વારા સરકારની વાહ વાહી કરવા વિવિધ પ્રકારના દિવસોની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમાં આજ રોજ મહિલા દિવસ તરીકે ભાજપ આજે ઉજવી રહ્યો છે. ત્યારે પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના મહિલા જિલ્લા પ્રમુખની આગેવાનીમાં મહિલા કાર્યકરો સાથે ગોધરા તાલુકાના બોડીદ્રા ગામે ‘‘મહિલા વિરોધી ભાજપ દિવસ‘‘ તરીકે ઉજવવામાં આવ્યો.



જિલ્લા પ્રમુખએ જણાવ્યું હતું કે, ભાજપની સરકારમાં મહિલાઓ માટે સુવિધા, સુરક્ષા, શિક્ષણ, રોજગારી બાબતે કોઈ કામો થયાં નથી. આજે ગુજરાતમાં મહિલાઓ માટે વિશેષ અલગથી સુવિધાઓ ઉપલબ્ધ નથી, સુરક્ષા બાબતે પણ બળાત્કાર અને હત્યાઓ થઇ રહી છે. સમયસર ન્યાય મળતો નથી, શિક્ષણમાં સ્પેશિયલ છોકરીઓ માટે શાળા, કોલેજો નથી, છોકરીઓને રોજગારી મળતી નથી. આમ ઘણી બધી સમસ્યાઓ સાથે મહિલાઓ પોતાની મજબુરીમાં જીવન ગુજારે છે. કોરોના મહામારીમાં વિધવા બનેલી બહેનોને વિશેષ કોઈપણ પ્રકારની આર્થિક સહાય આપવામાં આવી નથી. જે કુટુંબમાં કમાનાર વ્યક્તિ નથી, તેમજ ઘર ચલાવવાની સંપૂર્ણ જવાબદારી નિભાવતી મહિલાઓ માટે સરકાર કોઈ રોજગારી આપતી નથી તેથી કાળી મજૂરી કરીને જીવન ગુજારવા અને પોતાના બાળકોને ભણાવવા મજબુર મહિલાઓ ઘણી જોવા મળે છે. એ દુ:ખની બાબત છે એમ જણાવ્યું હતું. અને ‘‘મહિલા વિરોધી ભાજપ દિવસ’’ ની ઉજવણી કરી હતી.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા સ્વરછતા પખવાડિયા નિમિત્તે ગવરમેન્ટ પોલીટેકનિક ગોધરાના ઉપક્રમે વૃક્ષારોપણ તેમજ સ્વરછતા કરવામાં આવી અને સ્વરછતા માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજનનું માર્ગદર્શન પંચમહાલ જિલ્લાના DYO વિઠ્ઠલ ચોરમલે તેમજ ગવરમેન્ટ પોલીટેકનિક ગોધરાના આચાર્ય એચ.એમ. પટેલ તેમજ સિવિલ વિભાગના વડા પી.એમ.શાહ અને ગતત પ્રોગ્રામ ઓફિસર ધવલ વઢેરા તેમજ ગોધરાના NYV વ્રજ શાહ અને હર્ષ મહેતા દ્વારા કરવામાં આવ્યું.

## ઘોઘંબા તાલુકાના રીંછવાણી ખાતે દામાવાવાને તાલુકો બનાવાની માંગ સાથે સરપંચો સહિત રાજકીય આગેવાનોની બેઠક યોજાઇ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લામા આવેલ ઘોઘંબા તાલુકાના પૂર્વ ભાગમાં આવેલા ૩ જેટલા ગામના આગેવાનોની બેઠક આજરોજ રીંછવાણી ખાતે યોજવામાં આવી હતી. દામાવાવા અને તેની આજુબાજુ લગભગ ૩૦ જેટલા ગામો આવેલા છે. જેમાં જિલ્લાનું મુખ્ય મથક આ ગામોથી ૨૦ થી ૩૦ કિમીના અંતરે આવેલ છે. જ્યારે આ તમામ ગામો હાલ ઘોઘંબા તાલુકામાં આવેલા છે .જે ૩૫ કિમી જેટલા દૂર છે .જેમાં દામાવાવા પોલીસ મથક હદમાં આવતા ગામોને સરકારી યોજના અને બીજા અન્ય કામો માટે દુરસુંધી ધક્કો ખાવો પડે છે અને એકવારમાં કોઈ કામ થઈ જતું નથી. જેથી આ વિસ્તારની ગરીબ પ્રજાને ભારે હાલકી વેઠવાનો સામનો કરવો પડે છે. ખાસ કરીને જો દામાવાવા પોલીસ મથકના ગામોને અલગ તાલુકો બનાવમાં આવેતો કોર્ટ અને અન્ય કામ માટે ઘોઘંબા અને હાલોલ સુંધીનો ફેરો બંધ થાય એમ છે. આજરોજ મળેલ બેઠકમાં તમામ પક્ષના આગેવાનો જોડાયા હતા અને એકમત થઈ તમામ પાસાઓ જોતા દામાવાવાને તાલુકા મથકનો દરજ્જો મળે એ માટેના આયોજન શરૂ કરેલ છે. ૩૦જેટલા ગામોના સરપંચોને સાથે રાખી ઉચ્ચકક્ષા એ રજુઆત કરવામાં આવશે.

## શહેરા પાલિકા હોલમાં નારી ગૌરવ દિનની ઉજવણી

શહેરા,

શહેરા પાલિકાના ટાઉન હોલ ખાતે નારી ગૌરવ દિવસની ઉજવણી મહિલા તાલુકા વિકાસ અધિકારી ની ઉપસ્થિતિમાં કરાઈ હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તેમજ અધિકારીઓના વરદ હસ્તે મિશન મંગલમની સખી બહેનોને દસ લાખથી વધુ રકમના ચેક તેમજ લોનના મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સહિત સમગ્ર તાલુકામાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થતા બુધવારના રોજ નારી ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે નગર પાલિકાના ટાઉનહોલ ખાતે નારી ગૌરવ દિવસની વિશેષ ઉજવણી સાથે મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત તાલુકા પંચાયત કચેરીના મિશન મંગલમ શાખા દ્વારા સ્વ સહાય જૂથ અને સખી મંડળની બહેનોને લોન મંજૂરી પત્રો અને ચેક વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા તાલુકા વિકાસ અધિકારી ઝેડ.એમ. અન્સારી સહિતના અધિકારીઓ તેમજ ભાજપ તાલુકા પ્રમુખ મગનભાઈ પટેલિયા, તાલુકા પંચાયત પ્રમુખ રાયજીભાઈ.કે. નાયકા તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. મહિલા તાલુકા વિકાસ અધિકારી ઝેડ.એમ. અન્સારી તેમજ મહાનુભાવોના વરદ્દહસ્તે મિશન મંગલમની સખી મંડળની બહેનોને દસ લાખથી વધુ રકમના ચેક તેમજ લોનના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ દ્વારા સખી મંડળની બહેનોને સરકાર દ્વારા મહીલાઓને મળતા લાભો સહિત વિવિધ યોજના અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ નારી ગૌરવ દિવસની ઉજવણીમાં મિશન મંગલમ શાખાના ટી.એલ.એમ દિનેશભાઈ પંચાલ, જિજ્ઞાસા પટેલ, ઉષાબેન પટેલ તેમજ બારીયા સુનીલ પરમાર સહિત મોટી સંખ્યામાં સખી મંડળની બહેનોને ઉપસ્થિત રહેતા કાર્યક્રમને સફળતા મળેલ હતી. કાર્યક્રમ દરમિયાન કોરોનાના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હતું.

## પ્રધાનમંત્રી જીવનજયોતિ વિમા યોજના હેઠળ લાભાર્થીઓને SBI રતનપુર(કાંટડી) શાખા દ્વારા ચેક એનાયત

ગોધરા,

ગોધરા તાલુકા આવેલી ભારતીય સ્ટેટ બેંક રતનપુર(કાંટડી) શાખા પ્રધાનમંત્રી જીવનજયોતિ વિમા યોજના વિમા રકમ રૂ. ૩૩૦ એક વર્ષ દરમિયાન કોઈપણ આકસ્મિક મૃત્યુ પામનાર રૂપિયા ૨ લાખ ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધી અને પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના દ્વારા કોઈ પણ સંજોગોમાં અકસ્માતમાં મૃત્યુ થાય તો ૨ લાખ રૂપિયાનો લાભ મળે ૧૮ વર્ષ થી ૭૦ વર્ષ પરિવાર ને લાભ મળે છે આ યોજના વીમા હેઠળ આ વિસ્તાર ના (૧) માછી કાંતિભાઈ



શિવાભાઈ (૨) મકવાણા મીનાબેન રાકેશભાઈ (૩) માછી નટવરભાઈ ભયજીભાઈ(૪)કાંતિભાઈ નાનાભાઈ માછી તેમના પરિવાર ને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વિમા હેઠળ બે લાખને ચેક પંચમહાલ જિલ્લાના રીઝનલ મેનેજર રબિન્દ્ર કુમાર મલેક , ચીફ મેનેજર અમિત સક્સેના, શાખાના મેનેજર. પ્રમોદકુમાર મીના, ગામના અગ્રણી સરપંચ વિષ્ણુભાઈ પરમાર, દિનેશભાઇ પરમાર, અજયભાઈ પટેલ, રઘુભાઈ ભરવાડ, રજનીભાઇ પટેલ, બહાદુર ગઢવી (કલાકાર), અશોકભાઈ પરમાર, યુવા નેતા, પરેશ એન સુથાર, ઉમંગ પ્રજાપતિ દ્વારા ચેક એનાયત કરવામાં આવ્યા હતા અને આ વિસ્તારમાં રહેતા લોકો વધુમાં વધુ વીમા યોજનાનો લાભ લે તે માટે અશોક પરમાર, શાખા મેનેજર વિનંતી કરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 293